# અમદાવાદ કેળવણી ટ્રસ્ટ સંચાલિત

# જી. બી. શાહ કોમર્સ કોલેજ, વાસણા, અમદાવાદ-૦૭.

## હેડ કલાર્ક માટેની ભરતી અંગેની સૂચનાઓ

## (Ref.: કવટ/isc3/વર્ગ-3/NOC/20389-91 તા.20/09/2025)

**(૧) નોંધ**: -

અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત ધોરણો લાગુ પડશે.

**(૨) રાષ્ટ્રીયતા**: -

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ - ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

**(3) વય મર્યાદા: -**

(A) જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ઉંમર ગણવામાં આવશે.

(B) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

(C) વય મર્યાદામાં છૂટછાટ:

અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર નથી.

મહિલા ઉમેદવારોને વયમર્યાદામાં ૫ વર્ષની છૂટ મળવાપાત્ર છે (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં).

**(૪) કોમ્પ્યુટરની જાણકારી**: -

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા / ડીગ્રી  કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા

પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહી તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી રદ કરી શકશે.

**(૫) શૈક્ષણિક લાયકાત: -**

(A) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ. સદર જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ<br>કેટેગરી – સંખ્યા | લાયકાત |
|---|---|---|
| 1 | હેડ કલાર્ક<br>OPEN-1 | માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક તથા કોમ્પ્યુટર અંગેની જાણકારી |

(B) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(C) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) પરીક્ષા ફી: -**

સીધી ભરતીની પરીક્ષા માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ. વર્ગ, અનુસૂચિત જાતિ,અનુસુચિત જન જાતિ આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા | રૂ. ૫૦૦/- | રૂ. ૪૦૦/- |

ઉમેદવારે અરજી સાથે <u>G. B. Shah Commerce College, Payable at Ahmedabad</u> નામનો નિયમોનુસાર રૂ. ૫૦૦/- અથવા રૂ. ૪૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ અને પોતાના સરનામાવાળું રૂ. ૫૫/- ની ટપાલ ટિકિટ ચોંટાડેલુ 9×4 ઇંચનું કવર મોકલવાનું રહેશે.

**(૯) સામાન્ય સૂચનાઓ: -**

(A) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પૂરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" થવાપાત્ર રહેશે.

(B) ઉમેદવારે અરજી પત્રકમાં જે ફોટો લગાવેલ હશે તે પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે).

(C) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો ઉમેદવારના હિતમાં છે તથા અરજી પત્રકમાં ઈ-મેઈલ સુવાચ્ય અક્ષરે લખવું જરૂરી છે. ભરતી સંબંધેની તમામ સૂચનાઓ વખતોવખત કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે આથી કોલેજની વેબસાઈટ https://gbshahcollege.in/ નિયમિતરૂપે અચૂક જોતા રહેવું.

(D) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ" કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ જો પસંદગી/નિમણૂક થયેલ હશે તો પસંદગી/નિમણૂક કરનાર સંચાલક મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

(E) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હકક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(F) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(G) ઉમેદવાર પોતે પરીક્ષામા સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂક બાબતે નિમણૂક કરનાર સત્તાધિકારીનો અને સંચાલક મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(H) ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

(I) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(J) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખ: 11/02/2026 B/O

સ્થળ: અમદાવાદ અમદાવાદ કેળવણી ટ્રસ્ટ